# માથે બાઉલમાં બંગળી પડી

**જરૂરી સામગ્રી**

૧) જુદા-જુદા કલરની ત્રણ બંગળી (દા.ત. લાલ, લીલી અને સીલ્વર)

૨) માથા પર રહી શકે તેવું બાઉલ

**કેટલા લોકો રમી શકે?**

- બે કે તેથી વધુ

**કેવી રીતે રમાય?**

એડમીને સૌપ્રથમ એક જગ્યે ત્રણે કલરની બંગળીનો ઢગલો કરવો. હવે બધા સ્પર્ધકને સમજાવવાનું રહેશે કે બધાએ માથા પર બાઉલ મુકવાનું રહેશે. ત્યારબાદ બાઉલને હાથથી અડવાનું રહેશે નહિ. જો હાથ અડાડશે તો આઉટ ગણાશે. હવે જમીન પર પડેલી બંગળી માંથી સૌપ્રથમ લાલ કલરની બંગળી લઈ માથા પર રહેલા બાઉલમાં મુકવી અને અનુક્રમે લીલી તથી સીલ્વર કલરની બંગળી મુકવી. ત્યારબાદ ફરીથી લાલ, લીલી અને સીલ્વર બંગળી એમ એક મીનીટ સુધી મુકતી જવી. તે વચ્ચે માથા પર રહેલુ બાઉલ પડવું જોઈએ નહિ. જો બાઉલ પડી જાય તો સ્પર્ધક આઉટ ગણાશે. આમ જે સ્પર્ધકે વધુમાં વધુ બંગળી બાઉલમાં મુકી હશે હશે તે સ્પર્ધક વિજેતા જાહેર થશે અને ઈનામને પાત્ર થશે.